# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭ તા.૨૯-૦૫-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ તથા અન્ય તમામ પ્રકારની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ વર્ષ ૨૦૨૨-૨૩ની દરખાસ્તો ડીઝીટલ પોર્ટલ પર ઓનલાઇન મંજુર કરવા બાબત.

સંદર્ભ :- નં.મક / આવિ / શિક્ષણ / ૨૦૨૩-૨૪ /૧૪૭૩ મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૪-૦૫-૨૦૨૩નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા અન્ય તમામ પ્રકારની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ યોજનાઓની દરખાસ્તો ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન મંજુર કરવા કામગીરી કરવામાં આવેલ છે. જે અન્વયે જો કોઇ શાળાઓને ગણવેશ તેમજ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની દરખાસ્તો ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન મંજુર કરવા અંગેની બાકીની કામગીરી તા.૩૧-૦૫-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવી તથા બેંક તરફથી જેટલા પણ વિદ્યાર્થીઓ વેરીફાઇડ થયા હોય તેટલા વિદ્યાર્થીઓની દરખાસ્તો સત્વરે મદદનીશ કમિશ્નરશ્રીની કચેરીના લોગ ઇન પર એન્ટ્રી મોકલી આપશો. બેંક ખાતે DBT (Direct Benefit of Transfer)માં કોઇ એરર હોય તો બેંકનો સંપર્ક કરી વિદ્યાર્થીઓની દરખાસ્ત તા.૩૧-૦૫-૨૦૨૩ સુધીમાં ઓન લાઇન મોકલી આપવાની રહેશે. જો કોઇ લાભાર્થી વિદ્યાર્થી ગણવેશ/પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

નોંધ :- વર્ષ ૨૦૨૩-૨૪માં SC/ST/OBCના વિદ્યાર્થીઓની ગણવેશ/પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્તની કામગીરી તા.૦૫-૦૬-૨૦૨૩થી શરૂ કરવાની રહેશે.

તા.૨૯-૦૫-૨૦૨૩

શાસનાધિકારી